**GREEN LAWNS HIGH SCHOOL**
**FINAL EXAMINATION YEAR 2020**

**SUBJECT: II LANGUAGE –GUJARATI** **CLASS : VIII**
**TIME: 2 ½ HOURS** **MARKS: 80**

---

**સૂચના દરેક પ્રશ્નોના ઉત્તર પત્રિકામાં લખવા જરૂરી છે**

**વિભાગ – અ**

પ્રશ્ન–૧(અ) નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય જવાબ પૂરો (૪)

૧) ............ માનવી માટે રોટી કમાવવાની વાત એટલી અટપટી બની ગઇ છે.

૨) એ સમયે એક સો જેટલા સશસ્ત્ર ............ અને ............ હુમલો કર્યો

૩) .................. માં પોતાના સાલ્લાના છેડા વડે ક્યારેક ક્યારેક મારુ શરીર લુછી આપી.

પ્રશ્ન–૧(બ) નીચે આપેલા શબ્દની ભૂલ સુધારી ફરી લખો (૪)

૧) સનસકાર ૨) નાશતો ૩) અસવચછ ૪) વરતણુક

પ્રશ્ન–૧(ક) નીચે આપેલા વાક્યા કોણ બોલે છે કોને કહે છે. (૪)

૧) ''મારું શરીર લૂછી આપ''

૨) ''તમે છોકરાઓને લઇ જાવો''

૩) ''તું તો તદ્દન હઠીલો છે''

૪) ''મારા વર્ગના બધાં જ વિદ્યાર્થીઓ શિક્ષક સાથે પ્રવાસે જાય છે.''

પ્રશ્ન–૨(અ) નીચે આપેલા એક શબ્દમાં જવાબ લખો. (૫)

૧) વસતંનું પર્યાય કોણ છે ?

૨) આજકાલ સ્ત્રી ઉનાળામાં કેવા કપડાં પહેરે છે ?

૩) શાળામાં જવા મન કેવું થાય છે ?

૪) બાળકો ક્યા દિવસે બજારમાં ગયા ?

૫) આપણે શેનો સદ્ઉપયોગ કરવો જોઇએ ?

પ્રશ્ન–૨(બ) નીચે આપેલા સવાલના જવાબ એક બે વાક્યમાં લખો. (૫)

૧) માણસને નિરાંત અને સુખ ક્યારે મળે છે ?

૨) કાયા શેનાથી કસાય છે ?

૩) ગીતાના બધા મિત્રો સાથી ખુશ થયા ?

૪) મીરાંબાઇની કઇ કાવ્ય પંક્તિ પાઠમાં આલેખન થયું છે ?

૫) દુશ્મન ક્યારે સ્તબ્ધ થઇ ગયા ?

પ્રશ્ન–૩(અ) નીચે આપેલા સવાલના જવાબ વિસ્તાર પૂર્વક લખો (૧૦)

૧) ગીતામાં કઇ ખામી હતી ? તે શા માટે બહુ દુ:ખી થઇ ? મા એ તેને શી સલાહ આપી ? (૨ ૧/૨)

૨) પાઠના આધારે ગાંધીજીના સાદા જીવન વિશેના વિચારોનું વર્ણનકરો (૨ ૧/૨)

૩) કર્નલ નાયર પોતાના જવાનો સાથે ક્યાં ભાવિવ્યૂની ચર્ચા કરી રહ્યા હતા ? ત્યારે શો બનાવ બન્યો ? તેમને બહાદુરી બદલ શું આપવામાં આવ્યું ? (૨ ૧/૨)

૪) શ્યામની ચીવટ માતા શી રીતે રાખતી ? તેણે શી શીખામણ આપી (૨ ૧/૨)

પ્રશ્ન–૩(બ) નીચે આપેલું કાવ્ય ની પંક્તિ પૂર્ણ કરો (૮)

જાય છે વેળા .....................

આવડેતો લ્યો લૂંટી!

## વિભાગ – બ

પ્રશ્ન–૧(અ) નીચે આપેલા શબ્દના અર્થ લખો (૩)

૧) ભાગ્યશાળી  ૨) ભંડાર  ૩) શાંત  ૪) મૂક  ૫) હાજરી  ૬) ભપકાદાર

પ્રશ્ન–૧(બ) નીચે આપેલા શબ્દ પરથી વાક્ય બનાવો (૩)

૧) મસ્તક  ૨) ચીંધેલા  ૩) જીવતર

પ્રશ્ન–૧(ક) નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (૨)

૧) આકાશ જેટલું ઊંચુ

૨) જરા વારમાં નાશ પામે તેવું

પ્રશ્ન–૨(અ) નીચે આપેલા શબ્દના બે અર્થ લખો (૨)

૧) ઘાટ  ૨) ખાતર

પ્રશ્ન–૨(બ) નીચે આપેલા સમૂહવાચક શબ્દ બદલે એક શબ્દ લખો (૨)

૧) મિત્રોનું  ૨) રૂપનો

પ્રશ્ન–૨(ક) નીચે આપેલા ધંધાદારી શબ્દો લખો (૨)

૧) માકડું નચાવે ૨) બાગનું કામ કરે

પ્રશ્ન–૩(અ) નીચે આપેલા વિરોધી લખો (૨)

૧) ગુણ ૨) કોમળ

પ્રશ્ન–૩(બ) નીચે આપેલા રૂઢિ પ્રગયોના અર્થ લખી વાક્યમાં વાપરો (૪)

૧) શહાદત કરવું ૨) હાથવેંત

પ્રશ્ન–૩(ક) નીચે આપેલા વિષયોમાંથી એક વિષય પર નિબંધ લખો (૮)

૧) આજની દિલ્લીની સમસ્યાઓ

૨) જીવનમાં હસવાનું તથા વ્યાયામનું મહત્વ

૩) 'દયા ધર્મનું મૂળ છે' આ કથન સાર્થક કરતો નિંબધ અથવા વાર્તા લખો

૪) દરેકના જીવન ઘડતરમાં મા નું મહત્વ

પ્રશ્ન–૪(અ) નીચે આપેલા વિષયમાંથી કોઇ પણ એક વિષય પર પત્ર લખો (૭)

૧) દાદીમાની બિમારી વિશે જાણ કરતો પિતાને પત્ર

૨) વિદ્યાલયમાં રમત ગમતના સાધનો ઓછા છે. તે તરફ ધ્યાન દોરાતો પ્રાધાનાચાર્યને પત્ર

પ્રશ્ન–૪(બ) નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા સવાલના જવાબ લખો (૫)

મનુષ્ય આકરી કસોટીઓ પસાર કરી પૂર્ણ બને શકે છે, એ મહાન તથ્ય આ રત્નકણિકામાં વણાયું છે.

આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી એ પાંચ તત્ત્વોમાંથી બનેલો માનવદહ હકીકતમાં માટી જેવો છે. જેમ કુંભાર માટીમાંથી મનગમતા ઘાટ ઘડે છે. તેમ મનુષ્ય પર પોતાના દેહનું યથેચ્છ ઘડતર કરી શકે છે. મનુષ્ય પોતાની કાયાને ઠંડી, ગરમી વગેરે, પાકૃતિક તત્ત્વોને અનુકૂળ બનાવી શકે. તે ઓછો આરામ અને વધુ કામ કરવાની ટેવ પાડી શકે. પોતાની માનસિક શક્તિને કેળવીને એક સાથે અનેક વસ્તુઓ પર ધ્યાન રાખી શકે: અષ્ટાવધાની કે શતાવધાની પણ બની શકે. આમ, મનુષ્ય પ્રયત્ન કરે તો પ્રત્યેક પ્રકારના સંજોગોને અનુકૂળ થઇ શકે. મનુષ્યે પોતાની કાયાને વધુ ને વધુ કેળવવાની અને એ દ્વારા આત્મશક્તિને ખીલવવાની

જરૂર છે. સતત અને સાચી સાધના વડે કશું અસાધ્ય નથી. જેમ ખાણમાંથી નીકળેલું અશુદ્ધ સોનું અગ્નિપરીક્ષામાં પસાર થઇ શુદ્ધ સુવર્ણ બને છે તેમ આકરી કસોટીમાંથી પાર ઊતરી માણસ છેવટે સર્વાંગસંપૂર્ણ બની શકે છે. ખરેખર, મુશ્કેલીઓ અને કસોટીઓમાંથી ઉતર્યા પછી જ મનુષ્યનું સાચું સત્ત્વ પ્રકાશે છે. કોઇક યથાર્થ જ કહ્યું છે :

પ્રશ્નો :

૧) મનુષ્યનું શરીર શેનાથી બનેલું છે ? (૧)

૨) મનુષ્ય પ્રયત્ન કરી શું કરી શકે છે. ? (૧)

૩) માનવી સર્વાંગીસંપૂર્ણ શી રીતે બની શકે ? (૨)

૪) મનુષ્યનું સાચું સત્ત્વ ક્યારે પ્રકાશે ? (૧)